# પ્રાંતિજના મજરા પાસે ટ્રક પાછળ લકઝરી બસ ઘુસી જતા ચાલકનું મોત

પ્રાંતિજ, તા. ૧૨
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજારા પાસે આગળ જતી ટ્રક પાછળ લકઝરી બસ ઘુસી જતાં લકઝરી બસના ચાલકનું




ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું તો લકઝરી બસમાં સવાર ચારને ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.

હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા પાસે આવેલ કિસ્મત હોટલ પાસે લકઝરીચાલક દ્વારા હિંમતનગર તરફથી ફૂલ ફાસ્ટ હંકારી લાવી આગળ જતી ટ્રકની પાછળથી ટક્કર મારી લકઝરી બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. લકઝરી બસનો આગળો ભાગ કુચડો થઈ ગયો હતો, લકઝરી બસમાં સવાર બીજો ડ્રાઈવરને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ પહોચતા તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક સાથે ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. અકસ્માતની જાણ પ્રાંતિજ પોલિસને થતાં પ્રાંતિજ પીઆઈ કે.બી. પટેલ પોલિસ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા તથા પ્રાંતિજ મામલતદાર તથા તાલુકા પ્રમુખ બેચરસિંહને પણ અકસ્માતના સમાચાર મળતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. અકસ્માતમાં ચારને ઈજાઓ પહોચી હતી જેમાં કૈલાસભાઈ લક્ષ્મણભાઈ રહે. રાજસ્થાન, ઉ.વર્ષ ૨૩ તથા કુલપતિ રામકેશ રહે. રાજસ્થાન ઉ.વર્ષ- ૩૦ને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. મૃતકને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપી પ્રાંતિજ પોલિસ દ્વારા આગળની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજમાં દબાણો દુર કરાયા

પ્રાંતિજ, તા. ૧૨
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કોલેજ રોડ ઉપર આવેલ કોલેજ રોડ ઉપર વર્ષોથી દબાણકર્તાઓ દ્વારા તાણી બાંધેલ દબાણોનોને પ્રાંતિજ સિંચાઈ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સિંચાઈ વિભાગના એન્જીનિયર એચ. આર. પ્રજાપતિ, કરતા સંયુક્ત ઓપરેશન દ્વારા દબાણ ઉપર જેસીબી દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું હતું. હજું પ્રાંતિજ વર્ષો વિતી ગયાં છતાં શરતભંગને લઈને નોટીસ આપ્યા બાદ પણ પાલિકા દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી ના





વર્ષો જુના દબાણો દુર થયા તો પ્રાંતિજ ખાતે આવેલ અન્ય દબાણકર્તાઓમાં ભયનો માહોલ ફેલાયો હતો.

પ્રાંતિજ ગલેચી ભાગોળ વિભાગ તથા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આખરે દબાણ દુર કરવાની દબાણકર્તાઓને નોટીસ પાઠવ્યા બાદ આજે પાલિકા અને સિંચાઈ વિભાગના સંયુકત દબાણ પાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ, નાયબ મામલતદાર ચેતનસિંહ ઝાલાની સંયુક્ત ટીમ દ્વારા નોટીસ બાદ પણ દબાણકર્તાઓએ દબાણ દુર ના પાલિકા વિસ્તારમાં ઠેરઠેર દબાણકર્તાઓ દ્વારા દબાણ કરવામાં આવ્યું છે તો ખુદ પાલિકા શોપીંગમાં જ પાલિકા દ્વારા દબાણકર્તાઓ તથા શરતભંગ મામલે નોટીસો આપીને કરતાં હાલ તો કંઈક રંધાયુ હોય તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. ત્યારે હાલ તો આમ અચાનક દબાણો દુર કરતાં હાલ તો દબાણકર્તાઓમા ભયનો માહોલ જોવાં મળી રહ્યો છે.



**અરવલ્લીના રંગપુર ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ**

૯ જાગીરદાર જાડેજા રાજપૂત સંગઠન દ્વારા સેલ્સટેક્ષ રંગપુર ગ્રાઉન્ડ પર ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન થઇ ગયુ. જેના ભાગરુપે ૭૦ થી વધુ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં રવિવારના રોજ ફાઈનલ મેચ ઓટ ફજ રાયપુર વચ્ચે રમાઈ હતી. જેમાં રાયપુરની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૧૪ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૧૧૮ રન કર્યો હતા. જેનો પીછો કરવા ઉતરેલી ઓડની ટીમે ૩ વિકેટ ગુમાવીને ૮ ઓવરમાં ૧૧૯ રન કરી વિજેતા બની હતી. ફાઈનલમાં મેન ઑફ ધ મેચ આસીફભાઈએ ૫૮ રન બનાવ્યા હતા. જ્યારે મેન ઑફ ધ સીરીઝ રાયપુર ટીમના ચિરાગભાઈ બન્યા હતા. ફાઈનલમાં ઉપસ્થિત રહેલ મહેમાનો સુરેશભાઈ કારછા પંચાયત સરપંચ, દિલીપભાઈ કટારા શામળાજી ઉપસરપંચ તેમજ શ્રી ૯ જાગીરદાર જાડેજા રાજપૂત સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ફાઈનલ વિજેતા ટીમને રાજુભાઈ નિનામા પૂર્વે આદિજાતી જીલ્લા મંત્રી તથા રાજપાલસિંહ રહેવર દ્વારા સંયુક્ત ઉપક્રમે ટ્રોફી એનાયત કરાઈ હતી.

**મહેરૂ ગામમાં પાણીની ટાંકી હટાવવા બાબતે**

# ભત્રીજાએ કાકાને કુહાડીના ઘા ઝીકી કરપીણ હત્યા

ભિલોડા,તા.૧૨
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મહેરૂ ગામમાં રસ્તામાં અડચણરૂપ પાણીની ટાંકી હટાવવા બાબતે ભત્રીજાએ કાકાને કુહાડીના ઘા ઝીકી કરપીણ હત્યાના ચકચારી બનાવ સંદર્ભે ચકચાર મચી જવા પામી હતી. પોલીસએ ત્રણ હત્યારાઓને ગણતરીના કલાકોમાં દબોચી કાયદેસરની સઘન કાર્યવાહી હાથ ધરી છે. હત્યારાઓને પોલીસએ જેલના હવાલે કર્યા છે. મહેરૂ ગામના અર્જુનભાઈ સળુભાઈ ભગોરા સાથે નજીવી બાબતે સામાન્ય બોલાચાલી દરમ્યાન તેમના ભત્રીજાએ ઉગ્ર આવેશમાં આવી કાકાના માથાના ભાગે કુહાડીના ઘા ઝીકી કરપીણ હત્યા કરી હતી. નાની અમથી વાતનું મોટું સ્વરૂપ ધારણ કરી કરપીણ હત્યાના રૂપ અપાયું હતું ત્યારે ભારે સોપો પડી ગયો હતો. કરપીણ હત્યાના બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં ત્રણ હત્યારાઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ હતી.પોલીસએ હત્યારાઓને ઝડપી લેવા માટે સઘન કાર્યવાહી હાથ ધરી ગણતરીના કલાકોમાં હત્યારાઓને ઝડપી લીધા છે.ભિલોડા તાલુકાના મહેરૂ ગામના હત્યારા (૧) જગદીશભાઈ ઉર્ફે જગો અમૃતભાઈ સળુભાઈ ભગોરા (૨) શારદાબેન અમૃતભાઈ ભગોરા (૩) વિમળાબેન અમૃતભાઈ ભગોરા વિરૂધ્ધ કરપીણ હત્યાનો ગુનો નોંધાયો હતો. પોલીસએ હત્યારાઓને ઝડપી જેલના હવાલે કર્યા છે. મહેરૂ ગામમાં નજીવી બાબતે ભત્રીજાએ કાકાની કરપીણ હત્યા કરી હોવાના પગલે હત્યાના ચકચારી બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર.સંગાડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ભિલોડા બાર એસોસિએશન દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૧૨
ભિલોડા બાર એસોસિએશન ધ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. ભિલોડા બાર એસોસિએશન ઉપપ્રમુખ આર.કે.



મનસુરી, સેક્રેટરી આર.કે. મનસુરી, જો.સેક્રેટરી એસ.જે. અસારી, દિલીપભાઈ પરમાર, આર.જે. ભાટી સહિત મોટી સંખ્યામાં એડવોકેટોએ એકત્રીત થઈ ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારને વકીલોની માંગણીઓ સંદર્ભે આવેદનપત્ર પાઠવ્યું હતું. કેન્દ્ર સરકાર સમક્ષ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાની મુખ્ય માંગણી (૧) દેશના તમામ વકીલો માટે ન્યાયાલય પરીસર અથવા નજીકમાં વકીલો માટે વકીલ ભવન હોય, વકીલો માટે પુરતી બેઠક વ્યવસ્થા હોય, મફત ઈન્ટરનેટ વ્યવસ્થા હોય, પુસ્તકાલય, ઈ-લાયબ્રેરી, શૌચાલય સહિત જરૂરીયાત મુજબની સુવિધાસભર વ્યવસ્થા હોય, સસ્તા દરની ખાવા-પીવાની કેન્ટીનની માંગણી છે.(૨) નવા જરૂરીયાતમંદ વકીલોને માસિક રૂા.૧૦,૦૦૦/- (પાંચ વર્ષ સુધી) આપવાની વ્યવસ્થા કરી આપવાની માંગણી છે. (૩) દેશના તમામ વકીલો તથા તેમના પરીવાર માટે જીવન વિમો, આકસ્મીક મૃત્યુ સમયે ઓછામાં ઓછું રૂા.૫૦ લાખ સુધીનું વળતર, વકીલો તેમજ તેમના પરીવાર માટે કોઈ પણ બિમારીમાં સારી મફત સારવારની વ્યવસ્થાની માંગણી છે. (૪) બધા જ અક્ષમ, વૃધ્ધ વકીલો માટે પેન્શન, પારિવારીક પેન્શનની માંગણી છે. (૫) લોક અદાલતોનું કાર્ય વકીલોના કાર્યક્ષેત્રમાં હોઈ ન્યાયાલયના અધિકારીઓ તેમજ ન્યાયાધીશોને આ કાર્યથી દુર રાખવામાં આવે તેવી માંગણી છે. (૬) દરેક જરૂરીયાતમંદ વકીલોને રહેઠાણના ઘર બાંધવા માટે યોગ્ય દરે જમીન ફાળવવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી છે. (૭) દરેક ટ્રીબ્યુનલ, કમિશન વિગેરેમાં વકીલોની નિયુક્તિ થાય (કોર્ટના નિવૃત્ત કર્મચારી,ન્યાયાધીશોની નહી.) ભિલોડા બાર એસોસિએશન વકીલોની ઉપરોક્ત માંગણીઓ સંદર્ભે પરીપુર્ણ કરવા બાબતે કેન્દ્ર સરકાર વકીલોના કલ્યાણ માટે વાર્ષિક બજેટમાં દર વર્ષે રૂા.૫૦ હજારની વ્યવસ્થા ઉભી કરવા પ્રસ્તાવ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા ધ્વારા વકીલોના કલ્યાણ માટે ઉપરોક્ત માંગણી કરી છે જેનો ભિલોડા બાર એસોસિએશનનો સંપુર્ણ ટેકો છે તેમ વકીલોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું.

# રૂપાલમાં પાણીની ડોલ લેવા બાબતે ઝઘડો થતા એકનું ઢીમ ઢાળી દીધુ

હિંમતનગર, તા. ૧૨
હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે શનિવારે પાણી ભરવાની ડોલ માંગવા બાબતે બે જણા વચ્ચે થયેલા ઝઘડામાં એક ઈસમે ડોલ માંગનાર પર ગુસ્સે ભરાયેલા શખ્સે પથ્થરથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવવા બદલ આ શખ્સ વિરૂદ્ધ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગે દિનેશભાઈ આમલીયારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત શનિવારે તેમણે તેમના કુટુંબી કાકા ભેમાભાઈએ પાણીની ડોલ માંગી હતી. જે ડોલ લીધા બાદ અમુક સમય થતા દિનેશભાઈ આમલીયારે ડોલ પરત માંગતા ઝઘડો થયો હતો. ત્યારબાદ સામાન્ય બાબતે થયેલો આ ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો. જેથી ઉશ્કેરાયેલા ભરતભાઈ પાડોર ઉશ્કેરાઈ જઈ ભેમાભાઈ ઉપર પથ્થરથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેના કારણે ભેમાભાઈનું મોત નિપજ્યું હતુ. જેથી આ અંગે દિનેશભાઈ આમલીયારે ભરતભાઈ પાંડોર વિરૂદ્ધ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**ભિલોડા સલુન એસોસિએશનના નવિન હોદ્દેદારોની નિમણુંક**

ભિલોડા સલુન એસોસિએશનની તાજેતરમાં શ્રી મહાકાળી મંદીરના હોલમાં બચુભાઈ દેવજીભાઈ ભાટીયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. મુખ્ય મહેમાનના વરદ્ હસ્તે મુનાઈ ગામના એડવોકેટ મિતેશકુમાર દિનેશભાઈ ભાટીયાનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. નવિન હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી. ભિલોડા સલુન એસોસિએશન પ્રમુખ પદે નરેન્દ્રભાઈ રમણભાઈ ભાટીયા, ઉપપ્રમુખ પદે જયેશભાઈ કુમોદભાઈ નાઈ સહિત કારોબારી સભ્યોની વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ઊંઝા ખાતે અંગદાન પ્રોજેક્ટ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

મહેસાણા, તા. ૧૨
શ્રી સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ ઉંઝા ખાતે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષસ્થાને દેહદાન પરિવાર અભિવાદન રાજયમાં છેલ્લા ૩૪ વર્ષોથી સદભાવના ટ્રસ્ટ સહિત વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા માનવસેવાની ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી છે. કાર્યક્રમમાં સ્વામી પ્રોજકેટ તળે ગામથી ૩૦ કિમિની અંતરમાં ડાયાલીસીસ સેન્ટરો શરૂ થાય તે દિશામાં કામ કરાઈ રહ્યું છે.

ઉદ્‌ઘાટન સમારંભ કાર્યક્રમમાં પુર્વમંત્રી નારાયણભાઈ




સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ અંગદાન પ્રોજેક્ટ ખુલ્લો મુકતાં જણાવ્યું હતું કે પર પીડાનો અનુંભવ કરવો એ ગુજરાતની મુખ્ય વિશિષ્ટતા છે. નરસિંહ મહેતાના શબ્દોમાં વૈષ્ણવ જન એટલે પર પીડા જાણીને તેને દુર કરે. જે અધ્યાત્માનંદજી યૌવનમાં રક્તદાન અને મૃત્યુમાં ચક્ષુદાન અચુક કરવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરના ડો.વિનીત મિશ્રાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં મેડીકલ ક્ષેત્રે આધુનિક તકનીકી અમલમાં છે. ગુજરાત ડાયાલીસીસ પટેલ, પ્રાન્ત અધિકારી પી.બી. રાઠોડ, નગરપાલિકા પ્રમુખ મણીભાઈ પટેલ, સેવાભાવી ડોકટર ડો.અનિલભાઈ રાવલ, સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ ઉંઝાના પ્રમુખ તેજપાલભાઈ પટવા સહિત દેહદાન આપેલ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આંજણા ચૌધરી સમાજનો સમૂહ લગ્નોત્સવ ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામ પાસે યોજાયો

ધનસુરા, તા. ૧૨
આંજણા ચૌધરી સમાજનો સમૂહલગ્નોત્સવ ધનસુરા તાલુકાના ભેંસાવાડા ગામ પાસે આ સમુહ લગ્નોત્સવમાં આરોગ્યની ટીમ મુકવામાં આવી હતી. બાળકોને સુવા માટે ઘોડીયાઘરની વ્યવસ્થા કરાઈ હતી. આ સમૂહ લગ્નોત્સવમાં ૧ લાખ સ્કે. ફુટનો મંડપ બનાવવામાં આવ્યો હતો. અને ૧૫ હજાર લોકોનો જમણવાર પણ રાખવામાં




યોજાયો હતો. જેમાં ૧૬ યુગલોએ દામ્પત્ય જીવનની શરુઆત કરાઈ હતી. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમૂહ લગ્નોત્સવથી સમાજને ગણા ફાયદા થાય છે. સમૂહ લગ્નોત્સવની ખાસ બાબતો વૃદ્ધો માટે વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમુહલગ્નમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી હતી, સાથે સીસીટીવી માટે રૂમ પણ બનાવવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ફાયર ફાઈટરની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આવ્યો હતો. જેમાં ૧૬ યુગલોએ દામ્પત્યજીવનની શરુઆત કરી હતી. સમૂહલગ્નમાં સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. સાથે સમાજના વડીલો પણ હાજર રહ્યા હતા. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયુ હતું.

**બાયડના ચંપલાવત ગામે વોરંટ બજાવવા ગયેલી**

# સાઠંબા પોલીસ પર બે આરોપી સહીત ટોળાનો હુમલો

બાયડ, તા. ૧૨
અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવવાની જેના માથે જવાબદારી છે તે પોલીસ જ હવે સલામત રહી નથી. ખાખી વર્દીનો ખોફ વિસરાઈ રહ્યો હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે. પોલીસનું નામ સાંભળતા ભલભલા ગુન્હેગાર ધ્રુજવા લાગે છે પરંતુ અરવલ્લી જીલ્લામાં બુટલેગરો અને ગુન્હેગારોની હિમ્મત જોઈ પોલીસતંત્ર પણ અસલામતી અનુભવી રહી હોય તો નવાઈ નહિ..? બાયડ તાલુકાના ચંપલાવત ગામે પ્રોહીબીશનના ગુન્હા વારંવાર સપડાયેલા જીતેન્દ્રસિંહ ઉર્ફે મુકેશ રમણસિંહ સોલંકી અને ચેક રિટર્ન કેસમાં રાકેશ પર્વતભાઈ ઝાલાનું વોરંટ બજાવવા ગયેલી સાઠંબા પોલીસ સાથે બંને આરોપીઓએ ઝપાઝપી કરતા આજુબાજુમાંથી આરોપીઓને છોડાવવા ટોળું ધસી આવી બબાલ કરતા પોલીસ જવાનની વર્દી ફાડી નાખતા ભારે ચકચાર મચી હતી સાઠંબા પોલીસ જીતેન્દ્રસિંહ ઉર્ફે મુકેશ રમણસિંહ સોલંકીને પકડવામાં સફળ રહી હતી. ટોળું રાકેશ પર્વતભાઈ ઝાલાને છોડાવી નાસી છૂટતા સાઠંબા પોલીસે ફરાર આરોપી સહીત ૨૦ થી ૨૫ માણસોનો ટોળા સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાઠંબા પી.એસ.આઈ. સીસોદીયા અને તેમની ટીમ સરકારી વાહન મારફતે ચંપલાવત ગામે પ્રોહિબિશન રેડ અને બે આરોપીઓના વોરંટ બજાવવા પહોંચેલી પોલીસને ગામમાંજ જીતેન્દ્રસિંહ ઉર્ફે મુકેશ રમણસિંહ સોલંકી મળી જતા પોલીસે વોરંટ હોવાની જાણ કરતા આરોપી બિભસ્ત ગાળો બોલી ઝપાઝપી કરતા રાકેશસિંહ પર્વતસિંહ ઝાલા પણ દોડી આવતા તેનું પણ વોરંટ હોવાનું જણાવતા ઉશ્કેરાઈ જઈ પોલીસ કર્મચારીઓની ફેટ પકડી ઝપાઝપી કરતા શર્ટના બટન તોડી નાખ્યા હતા. બંને આરોપીઓને પોલીસથી છોડાવવા ૨૦ થી ૨૫ લોકોનું ટોળું ધસી આવી પોલીસ પર હુમલો કરી રાકેશસિંહ નામના આરોપીને છોડાવી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી.

# અરવલ્લી જિલ્લામાં વિવિધ સ્પર્ધામાં વિજેતા બાળકોએ કલેક્ટર, ડીડીઓ અને પોલીસવડા સાથે દિવસભર રહ્યા

મોડાસા, તા. ૧૨
આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે મતદાર પોતાનો મત યોગ્ય ઉમેદવારને આપી દેશને સાચા અર્થમાં પ્રગતિને પંથે લઈ જાય તે માટે વિદ્યાર્થીઓ દ્વારા આમ જનતામાં મતદાર જાગૃતિનો સંદેશ જાય તે માટે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા અનોખી પહેલ કરી હતી. જીલ્લામાં મતદાન જાગૃતિ માટે નિબંધ સ્પર્ધા સહીત વિવિધ સ્પર્ધામાં વિજેતા બનેલ




બાળકોએ જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન, પોલીસવડા મયુર પાટીલ અને જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી સાથે મંગળવારે સમગ્ર દિવસ પસાર કરી જીલ્લા વહીવટીતંત્રની કામગીરી નિહાળી હતી. જીલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવે દ્વારા સતત મતદાન જાગૃતિના કાર્યક્રમની જીલ્લાના પ્રજાજનોમાં ભારે સરાહના થઈ રહી છે.